| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| Gujarat Pranam | Gujarat | 3/2/21 | 8 | Music Video Launch of “Mare Te Gamde E k Var Avjo" |

### અલ્ટ્રા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટે નવા મ્યુઝિક વિડિયોમાં

# સુપરહીટ ગીત “મારે તે ગામડે એકવાર આવજો”ને રિક્રિએટ અને રીલિઝ કરીને ગુજરાતી અભિનેતા હિતેન કુમાર અને અભિનેત્રી રોમા માણેક પ્રત્યે આદર વ્યક્ત કર્યો



આ નવું સુપરહીટ ગુજરાતી ગીતને હરેશભાઈ પટેલે પ્રોડ્યુસ અને ડાયરેક્ટ કર્યું છે તથા જાણીતા ગાયક મનાલી ચતુર્વેદી અને ભવેન ધાનકે તેને સ્વર આપ્યો છે. જાણીતી મ્યુઝિક ડાયરેક્ટર જોડી કાશી કશ્યપ અને રિચર્ડ મિત્રાએ મ્યુઝિક કમ્પોઝ કર્યું છે. વર્ષ ૧૯૮૮ની સુપરહીટ ફિલ્મ “દેશ રે જોયા દાદ પરદેશ જોયા”ના અભિનેતા હિતેન કુમાર અને રોમા માણેકના સુપરહીટ ગીત “મારે તે ગામડે એકવાર આવજો”ના જાદૂને પુનર્જીવિત કરવામાં આવ્યો છે.

આ ફિલ્મને ગોવિંદ પટેલે ડાયરેક્ટ કરી હતી તથા હિતેન કુમાર, રોમા માણેક અને અરવિંદ ત્રિવેદી મુખ્ય ભૂમિકામાં હતાં. ઓરિજનલ સોંગનું મ્યુઝિક અરવિંદ બારોટે કમ્પોઝ કર્યું હતું.

આ દાયકાની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ હતી અને હજી પણ ગુજરાતી ફિલ્મમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મો પૈકીની એક છે.આ વિડિયોમાં લીડ સિંગર મનાલી પણ જોવા મળશે, જેઓ જાણીતા રિજનરલ રેપર અને ફોક સિંગર છે, જેના કારણે આ સોંગ વધુ કન્ટેમ્પરરી બનશે અને આજના યુવાનો અને દર્શકો સાથે સુસંગત પણ બનશે. ઉલ્લેખનીય છે કે ગોવિંદ પટેલ ગુજરાતી સિનેમાના મનમોહન દેસાઈ તરીકે પણ ઓળખાય છે અને તેમના પુત્ર હરેશભાઈ પટેલ આ ૨૦૨૧ મ્યુઝિક વિડિયોના પ્રોડ્યુસર છે.

હિતુ કનોડિયા લોકપ્રિય ગુજરાતી અભિનેતા અને રાજકારણી છે તથા તેમણે બાળપણમાં જ અભિનય સાથે કારકિર્દી શરૂ કરીને આજની તારીખમાં ૧૦૦થી વધુ ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે. આરતી ભાવસાર પણ જાણીતા અભિનેત્રી અને મોડલ છે, જેમણે સંખ્યાબંધ ગુજરાતી ફિલ્મો અને મ્યુઝિક આલ્બમ વિડિયોઝમાં કામ કર્યું છે.